PROVISIONAL ANSWER KEY
Assistant Motor Vehicle Inspector (AAB) (Advt No. 32/2016-17)
Date of Preliminary Test : 24/12/2016
Subject : GUJARATI (Que 301-350)

301. ડૂબી જઈને ઘન અંધકારે
શીતે ધ્રુજી સૃષ્ટિ સમસ્ત ત્યારે
– ઉપરની પંક્તિ ક્યા છંદમાં છે ?
(A) ઉપેન્દ્ર વ્રજા (B) ઇન્દ્ર વ્રજા (C) ઉપજાતિ (D) મંદાક્રાન્તા

302. વસંત માંહી કળિ માધવીની,
કલા શશીની શરદે નવીની
–આ પંક્તિઓ કયા છંદમાં છે ?
(A) ઉપેન્દ્ર વ્રજા (B) ઇન્દ્ર વ્રજા (C) ઉપજાતિ (D) મંદાક્રાન્તા

303. આ મૃત્યુ ! આ પ્રણય ને રસ એક્તા આ !
આ મધ્યબિંદુ સહુ જાળનિ ગૂંથણી નૂ !
–આ પંક્તિઓ ક્યા છંદમાં રચાયેલી છે ?
(A) ઇન્દ્ર વ્રજા (B) ઉપજાતિ (C) હરીગીત (D) વસંતતિલકા

304. ભૂતળના લોકે એક સમે ઇન્દ્રભુવનમાં
જને જુદી જુદી ભેટ ભાવથી ધરાવી છે.
– ઉપરની પંક્તિ ક્યા છંદમાં છે ?
(A) મંદાક્રાન્તા (B) ઉપજાતિ (C) મનહર (D) ઇન્દ્ર વ્રજા

305. અહીં વહી રહી હવા મહીં અનન્ય વાસ,
એક તો લઈ જુઓ જરીક શ્વાસ!
– ઉપરની પંક્તિ ક્યા છંદમાં રચાઇ છે ?
(A) ગુલબંકી (B) મનહર (C) કટાવ (D) ઇન્દ્ર વ્રજા

306. નીચેની કઈ સંધિ સાચી છે ?
(A) પરમ+ઇશ્વર (B) પરમી+શ્વર (C) પર્મી+શ્વર (D) પ્રમી+ઇશ્વર

307. નયનની સંધિ નીચે મુજબ સાચી પાડી છે તે કઈ સાચી છે ?
(A) નય+ન (B) ન+યન (C) ન+અન (D) ને+અન

308. ઇત્યાદીની સંધિ છૂટી પાડો.
(A) ઇત્ય+આદિ (B) ઇતિ+આદિ (C) ઇત+આદિ (D) ઇત્યા+આદી

309. ઉચ્છેદની સંધિ નીચે મુજબ સાચી છે
(A) ઉચ્+છેદ (B) ઉચ્છે+દ (C) ઉન્+છેદ (D) ઉત્+છેદ

310. 'હવાપાણી' શબ્દ ક્યો સમાસ દર્શાવે છે ?
(A) મધ્યમપદ લોપી (B) તત્પુરૂષ (C) દ્વન્દ્વ (D) અવ્યવીભાવ

311. 'સંસાર દર્શન' કયો તત્પુરૂષ સમાસ છે ?
(A) દ્વિતિયા તત્પુરૂષ (B) પંચમી તત્પુરૂષ (C) સપ્તમી તત્પુરૂષ (D) ષષ્ઠી તત્પુરૂષ

312. 'વરાળ યંત્ર' કયા સમાસનું ઉદાહરણ છે ?
(A) મધ્યમપદ લોપી સમાસ (B) કર્મધારય સમાસ
(C) બહુવ્રીહિ સમાસ (D) તત્પુરૂષ સમાસ

313. 'આજન્મ' શબ્દ ક્યો સમાસ દર્શાવે છે ?
(A) કર્મધારય સમાસ (B) અવ્યવીભાવ સમાસ (C) દ્વિગુ સમાસ (D) દ્વન્દ્વ સમાસ

314. 'સદાચાર' ક્યા સમાસનું ઉદાહરણ છે ?
(A) દ્વિગુ સમાસ (B) બહુવ્રીહિ સમાસ (C) કર્મધારય સમાસ (D) દ્વન્દ્વ સમાસ

315. કામિની કોકિલા કેલિ કૂંજન કરે
– આ પંક્તિમા ક્યો અલંકાર છે ?
(A) અંત્યાનુપ્રાસ અલંકાર (B) વર્ણાનુપ્રાસ અલંકાર (C) ઉપમા અલંકાર (D) રૂપક અલંકાર

316. કેતકીના સોટાની જેમ રજ્પૂતાણી ટટ્ટાર થઈ.
-ઉપરના વાક્યમાં કયો અલંકાર વપરાયો છે ?
(A) અંત્યાનુપ્રાસ અલંકાર (B) રૂપક અલંકાર (C) ઉપમા અલંકાર (D) શ્લેષ અલંકાર

317. ગંગાનાં નીર વધે ઘટે રેલોલ,સરીખો એ પ્રેમનો પ્રવાહ જો.- આ પંક્તિમાં ક્યો અલંકાર પ્રયોજાયો છે ?
(A) અનન્વય અલંકાર (B) શ્લેષ અલંકાર (C) વ્યાજસ્તુતિ અલંકાર (D) વ્યતિરેક અલંકાર

318. તમે ખરા બહાદુર ! ઉંદરથી પણ બીઓ ! - અહીં ક્યો અલંકાર વપરાયો છે ?
(A) સજીવારોપણ અલંકાર (B) વ્યાજસ્તુતિ અલંકાર (C) શ્લેષ અલંકાર (D) ઉત્પ્રેક્ષા અલંકાર

319. 'જવાની તો જવાની'-અહીં ક્યો અલંકાર યોજાયો છે ?
(A) વ્યાજસ્તુતિ અલંકાર (B) સજીવારોપણ અલંકાર (C) વ્યતિરેક અલંકાર (D) શ્લેષ અલંકાર

320. વિરુધ્ધાર્થી શબ્દોમાં નીચે ક્યુ જોડકુ ખોટું છે ?
(A) અગ્રજ – સમગ્ર (B) અખંડ – ખંડિત (C) અતડું – મિલનસાર (D) અજ્ઞ – સુજ્ઞ

321. નીચેનામાંથી ક્યો વિરુધ્ધાર્થી શબ્દો સાચો છે ?
(A) અનુગામી – અગ્રજ (B) અભિમાની – ગરીબ (C) આસુરી – દૈવી (D) અલ્પોક્તિ – સુક્તિ

322. નીચેનામાંથી ક્યો વિરુધ્ધાર્થી શબ્દો ખોટા છે ?
(A) ઇષ્ટ – અનિષ્ટ (B) ઉત્થાન – પતન (C) ઉદય – અસ્ત (D) આધ્યાત્મિક – ઉદાસિન

323. નીચેનામાંથી ક્યા વિરુધ્ધાર્થી શબ્દનું જોડ્કું સાચુ છે ?
(A) ઉખર – ફળદ્રુપ (B) ઉતાવળ – પતન (C) ઉદાસ – પસ્ત (D) ઉધાર – ઉખર

324. નીચેનામાંથી ક્યો શબ્દ 'વેરાન'નો સમાનાર્થી નથી ?
(A) એકાંત (B) સહરા (C) જનશૂન્ય (D) તાલેવંત

325. નીચેનામાંથી ક્યો શબ્દ 'કાવ્ય'નો સમાનાર્થી છે ?
(A) કવન (B) ઇતિહાસ (C) આગાહી (D) અધ્યાય

326. નીચેનામાંથી ક્યો શબ્દ 'યુદ્ધ'નો પર્યાય છે ?
(A) અશ્મ્યુગ (B) આકલ્પ (C) ચકાસન (D) રણયજ્ઞ

327. નીચેનામાંથી ક્યો શબ્દ 'છેલાબટાઉ'નો પર્યાય નથી?
(A) ચીચો (B) છેલ (C) બંકો (D) મલંગ

328. નીચેનામાંથી ક્યો શબ્દ 'વરસાદ'નો પર્યાય છે ?
(A) કમલિની (B) ટૂંડી (C) ઝડી (D) વાચી

329. 'આગે આગે ગોરખ જાગે' કહેવતનો અર્થ શું થાય ?
(A) ગોરખનાથ આખી રાત જાગે
(B) કાલની ચિંતા આજે ન કરવી
(C) આગળ જઈને ભીક્ષા માગો
(D) ગોરખનાથ આગ લગાવે છે

330. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' કહેવતનો અર્થ શું છે ?
(A) ઉજ્જડ વેરાનમાં એરંડો ઊગે
(B) જ્યાં કોઈ લાયક વ્યક્તિ ન હોય તેવા સ્થળે ઓછી લાયકાતવાળાનું મહત્વ વધે
(C) એરંડો આપણો મુખ્ય પાક છે
(D) ગામમાં ફક્ત એરંડો જ ઊગી શકે

331. 'આંખને પોપચાનો ભાર ન લાગે' તે કહેવતનો અર્થ શું થાય ?
(A) આંખથી પોપચા જોઈ ન શકાય
(B) આંખ અને પોપચા એક જ છે
(C) આંખ પોપચા નીચે આવી છે તેથી તેનું વજન ન લાગે
(D) પોતાનાનો કોઈ બોજ ન વરતાય

332. 'કરવા ગયા કંસાર અને થઈ ગઈ થૂલી' કહેવતનો ભાવાર્થ
(A) કંસાર કરવા જતા અનાયાસે થૂલી થઈ ગઈ
(B) કંસારા બજારમાં જઈને થૂલી લઈ આવ્યા
(C) કંસારાઓ સારી થૂલી બનાવી શકે છે
(D) ઇચ્છેલુ પરિણામ ન મળ્યુ

333. 'માથુ મારવુ' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?
(A) બિનજરૂરી ડખલ કરવી તે
(B) આખલો શિંગડુંમારે તે
(C) કોઈને ઈજા કરવી તે
(D) કોઈની છાતીમાં માથુ અથડાવવું

334. 'માથામાં પવન ભરાવો' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?
(A) શરદી થવી
(B) માથા પર પવન લાગવો
(C) બિનજરૂરી મિજાજ બતાવવો
(D) માથાની અંદર હવા જવી

335. 'મોં-માથુ સુઝવું નહીં' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?
(A) મો દેખાય પણ માથું ન દેખાય
(B) સમજણ ન પડવી
(C) અંધારામાં કશું ન દેખાવું
(D) મોં અને માથુ ચડી જવું

336. 'માથે છાણા થાપવાં' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?
(A) ટીકાઓ કરવી
(B) છાપરા પર છાણાં થાપવા
(C) માથા પર ધૂળ નાખવી
(D) ભીંતે છાણા થાપવા

337. 'મીઠા ઝાડના મૂળ કાપવા' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?
(A) મીઠા લીંબડાના મૂળ કાપીને સરખા કરવા
(B) કોઈનો અણછાજતો લાભ લેવો
(C) તક ગુમાવવી
(D) નાખુશ થવું

338. 'લખતા વાંચતા આવડવું' શબ્દ સમુહ માટે એક શબ્દ નીચે મુજબ છે.
(A) ડિગ્રીધારી (B) શિક્ષક (C) અભિમાની (D) અક્ષરજ્ઞાન

339. ‘ટચલી આંગળી પાસેની આંગળી’ શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે ?
(A) અનામિકા (B) તર્જની (C) મધ્યમાં (D) અંગુષ્ઠ

340. ‘જીવાત્મા અને પરમાત્મા એકજ છે.’-એવા શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે ?
(A) દ્વૈતવાદ (B) એકાંતવાદ (C) અદ્વૈતવાદ (D) ઉદાસીવાદ

341. ‘પોતાની જાત ઉપર આધાર રાખનાર’ શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે ?
(A) આપદ્ધર્મી (B) આપકર્મી (C) આપદાકર (D) આત્મસંયમી

342. ‘આકાશમાં ફરનારું’ શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે ?
(A) ભૂચર (B) જળચર (C) અચળ (D) ખેચર

343. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?
(A) આજ્ઞાંકીત (B) આજ્ઞાંકિત (C) આગ્નાંકિત (D) આધાંકિત

344. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?
(A) ઊબકો (B) ઉબકો (C) ઉપકો (D) યુબકો

345. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?
(A) બ્રમચર્ય (B) બ્રહ્મચર્ય (C) બ્રાહ્મચર્ય (D) બ્રમચર

346. નીચેનામાંથી બન્ને જોડણી સાચી છે,અને બન્નેનો અર્થ એકજ થાય છે.
(A) ભલાઈ-ભલાય (B) મુકદમો-મુકાદ્દમ (C) મેશ-મેચ (D) ભેંસ-ભેંશ

બા! મને કોની સાથે સંબંધ હોય?મારા પિતા ગયા પછી સંસારમાં કોઇ મને સમજે,મને રૂચે એવું દેખાતું નથી.ક્યાં મારા મનોરાજ્યમાં મોંઘા માનેલા વીરો અને ક્યાં બધા નિર્માલ્ય નિરાધાર વેંતિયાઓ! કોઇમાં નથી બુદ્ધિ, નથી બળ, નથી આદર્શ,બધાનું લક્ષણ જોઇએ તો અલ્પતા. બા! મારી સાથે વાત કરતા માથુ પાકશે.જવાદો હું તમારા કાળની નથી. ત્રિભુવન ગજાવનારા મહાકવિઓના કાળની છું હું પાટણની બ્રાહ્મણી નથી પણ બ્રહ્મા,વિષ્ણુ અને રૂદ્રને ખોળામાં છુપાવવાની હોંસ ધારતી બીજી અનસૂયા છું.’

347. ઉપરના ગધ્યખંડને ક્યા સ્વરૂપે લખવામાં આવ્યો છે ?
(A) કવિતા સ્વરૂપમાં (B) એકોક્તિ રૂપે (C) સંવાદો રૂપે (D) ઉપદેશ સ્વરૂપે

348. આ ગદ્યખંડ કોના મુખે મુકાયો છે ?
(A) અભિમાની સ્ત્રીના મુખે (B) સેનાપતિના મુખે (C) રાજાના મુખે (D) ભિખારણના મુખે

349. આ ગદ્યખંડ બોલનાર પોતાને ક્યા સમયની ગણાવે છે ?
(A) આઝાદીકાળની (B) સોલંકી યુગની (C) પુરાણ કાળની (D) આધુનિક યુગની

350. આ ગદ્યખંડમાં બોલનારના મનમાં વીરપુરૂષોની હયાતી ક્યાં છે ?
(A) રાજ દરબારમાં (B) સૈન્યમાં (C) વર્તમાન સમયમાં (D) પોતાના કલ્પના પ્રદેશમાં